ક્રિ.કેસ નં. ૬૫૩૮૦/૨૦૨૩

**<u>આંક–૧ હેઠળ હુકમ</u>**

(૧) આ કામમાં ફરીયાદી ધ્વારા આરોપી વિરૂધ્ધ બી.આઈ.એસ. કલમ–૧૭ ના ભંગ બદલ કલમ–૨૯(૩) હેઠળ ગુનાની ફરીયાદ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને ફરીયાદના કાગળોની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી તર્ફે સ્પે. સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓ સ્પે. સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ફરીયાદમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ પ્રથમ ગુનો છે અને તેઓ ગુના બદલ પસ્તાવો કરે છે અને કુટુંબકબીલા વાળા છે અને તેમના કુટુંબના ભરણપોષણનો આધાર તેમના ઉપર છે તેમ જણાવે છે, તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. ફરીયાદીના વિ.વકીલશ્રીએ કબુલાત પુરસીસ ઉપર નો ઓબજેકશનનો શેરો કરેલ છે અને યોગ્ય દંડ કરવા વિનંતી કરેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત, સંજોગો તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂં છું.

**"<u>હુકમ</u>"**

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ આરોપીને બી.આઈ.એસ. કલમ–૧૭ ના ભંગ બદલ કલમ–૨૯(૩) મુજબના ગુનામાં કસુરવાન ઠરાવી રૂા.૨,૨૫,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પચ્ચીસ હજાર પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

બી.આઈ.એસ. કલમ–૩૨(૪) હેઠળ ફરીયાદપક્ષે મુદ્દામાલ ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧ /૦૭/ ૨૦૨૬.
મુ.અમદાવાદ.

(આર.એ.ઝાલા)
ત્રીજા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,
(કોર્ટ નં.૧૫) અમદાવાદ સીટી.
**CODE NO. GJ00938**